ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 14th September, 2020

પ્રતિ,

તંત્રી શ્રી,

...............................................................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા YouTube : KRCSC Bhavnagar પર

## ૧૬ મી સપ્ટેમ્બરે ડો. અરુણ દવે સાથે "Ozone for life" લાઇવ ટોક

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

પૃથ્વી નું સુરક્ષા કવચ એટલે ઓઝોન વાયુ. પૃથ્વી પર વસતા પ્રત્યેક સજીવોના રક્ષણ માટે ઓઝોન વાયુનું સ્તર યથાવત્ હોવું જરૂરી છે. પરંતુ વાહનો અને કૃત્રિમ ઠંડક આપતા સાધનોમાં વપરાતાં હેલો કાર્બન રસાયણો જેમકે, કલોરોફ્લોરો કાર્બન (રેફ્રીજરેટર માં) મુખ્યત્વે ઓઝોન-ડેપ્લેટીંગ પોટેન્શિયલ (ODP) તરીકે ઓળખાય છે. જેનાં ઉપયોગને લીધે ઓઝોનના સ્તરમાં ચિંતાજનક ઘટાડો અનુભવાયો છે. ઓઝોન સ્તરના રક્ષણ માટેના વિયેના કન્વેન્શન 1985માં 28 દેશો દ્વારા આ મુદ્દા નું સમર્થન કરવામાં આવ્યું હતું તથા તેના રક્ષણની જવાબદારી અપનાવવામાં આવી. જેમાં આ દિવસની ઉજવણી દ્વારા સમગ્ર દુનિયાને એક સંદેશ આપતાં આ ઘટાડાને રોકવા દર વર્ષે અલગ થીમ અને લક્ષ્યને અનુસંધાને દર વર્ષે આ દિવસને લોકજાગૃતિ હેતુ ઓઝોન દિવસ તરીકે ઉજવીને લોકોને ઓઝોન સંરક્ષણનું મહત્વ સમજાવવામાં આવે છે. હાલના સમયમાં ભૂતકાળના સફળ પ્રયાસો દ્વારા ઓઝોન સ્તરમાં રિકવરી જોવાં મળી છે. જેના અનુસંધાને આ વર્ષની થીમ "Ozone for life" શીર્ષક હેઠળ સમગ્ર દુનિયામાં આ દિવસ ઉજવાઈ રહ્યો છે.

દરેક વર્ષની જેમ આ વર્ષે પણ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આ દિવસની ઉજવણી થવા જઈ રહી છે. પરંતુ કોરોનાં મહામારી પરિસ્થિતિમાં લોકો ઘરે બેસીને પણ ઓઝોન સંરક્ષણમાં પોતાની નૈતિક ફરજ નીભાવી શકે એવાં હેતુથી તા. ૧૬ સપ્ટેમ્બર,૨૦૨૦ ના રોજ સાંજે ૮ કલાકથી ૯ કલાક દરમ્યાન "Ozone for life" શીર્ષક હેઠળ ડો. અરુણ દવે (સંચાલક, લોક ભારતી વિદ્યાલય,સણોસરા) દ્વારા વ્યાખ્યાનનું આયોજન અમારી **YouTube ચેનલ KRCSC Bhavnagar** પર લાઈવ કરવામાં આવનાર છે. રસ ધરાવતાં લોકો **YouTube** પર નિહાળી શકશે. . વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

૧૫/૦૯/૨૦૨૦

(હર્ષદ જોષી)

કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.

Server\D:\2020-21\All Letter and Press Note 2020-21\KRCSC Full Letter 2020-21